# ભારતમાં સાતત્યપૂર્ણ વિકાસ માટેનું પ્રિન્સિપાલ રિસોર્સ સેન્ટર બનાવવા આઈઆઈટીનો ઉદ્દેશ

## જળ, ઊર્જા અને આબોહવામાં પરિવર્તન અંગે સંશોધન હાથ ધરાશે



ગાંધીનગર, ૩૦

ડૉ. કિરણ સી પટેલ સેન્ટર ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટને લૉંચ કરીને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ભારતમાં સાતત્યપૂર્ણ વિકાસ માટે પ્રિન્સિપાલ રિસોર્સ સેન્ટર બનવાનો ઉદ્દેશ ધરાવે છે, જે કુશાગ્ર ઈન્ટરડિસિપ્લિનરી રિસર્ચ દ્વારા સ્થાનિક અને વૈશ્વિક ઉકેલોને આગળ ધપાવશે.

તે જળ, પ્રદૂષણ, વેસ્ટ મેનેજમેન્ટ, ઊર્જા, કુદરતી સંસાધનો અને આબોહવામાં પરિવર્તન અંગે સંશોધન હાથ ધરશે તેમજ સાતત્યપૂર્ણતા અંગે અગ્રણી નિષ્ણાતો અને સંશોધકોનું સ્થાનિક અને વૈશ્વિક નેટવર્ક પણ વિકસાવશે.

આ સેન્ટર ઉચ્ચ સામુદાયિક મહત્ત્વતાની સાતત્યપૂર્ણતા અને સંલગ્ન પડકારો વિશે સંશોધન કરશે અને પોતાના મજબૂત વ્યાપ તેમજ ટેકનલોજી હસ્તાંતરણ કાર્યક્રમો દ્વારા સાતત્યપૂર્ણ અને ઓછા-ખર્ચાળ ઉપાયોને પ્રોત્સાહિત કરશે. તેને આજે લૉંચ કરાયું હતું અને ફ્લોરિડા, યુએસએ સ્થિત ખ્યાતનામ કાર્ડિયોલોજિસ્ટ તેમજ પરોપકારી ડૉ. કિરણ સી પટેલના સખાવતી જોડાણ સાથે સ્થાપવામાં આવી છે.

આ સેન્ટર સાતત્યપૂર્ણ વિકાસ માટે એનજીઓ, સ્થાનિક સરકારો તેમજ ઉદ્યોગોને ટેકનોલોજીની તબદિલી કરશે તેમજ અને નીતિ ઘડનારા તથા ઉદ્યોગો સાથે સહકાર સાધશે જેથી સાતત્યપૂર્ણતા આડેના પડકારોને ઓળખીને તેને ઉકેલી શકાય. તે બિયારણ ગ્રાન્ટ પૂરી પાડીને

● અનુસંધાન પાના - ૭ પર

## પ્રિન્સિપાલ રિસોર્સ સેન્ટર...

● ત્રીજા પાનાનું ચાલુ

આઈઆઈટીજીએ નની આંત્રપ્રેન્યોરશીપ સેલ સાથે પણ સાતત્યપૂર્ણતા અંગેના સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપશે.

આ સેન્ટર વિશે, આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર, પ્રો. સુધીર કે જૈને જણાવ્યું હતું કે, "પોતે અગાઉ જે સંસ્થા સાથે કદી જોડાયેલા નહોતા તેવી સંસ્થા માટે ડૉ. પટેલે દાખવેલી અતુલ્ય ઉદારતા અમને ઊંડે સુધી સ્પર્શી ગઈ છે અને અમને ખૂબ પ્રેરણા પૂરી પાડે છે. આ ભેટથી અમારી ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને અત્યાધુનિક સંશોધન, પરંપરાગત જ્ઞાન અને ફિલ્ડની સમજના એકીકરણ દ્વારા સાતત્યૂપૂર્ણતા આડેના મોટા અવરોધોના વ્યવહારુ ઉકેલો વિકસાવવા પર કામ કરવા સક્ષમ બનાવશે."

આઈઆઈટી ગાંધીનગર કેમ્પસ પોતાની ઈકોફ્રેન્ડલી અને સાતત્યપૂર્ણ ડિઝાઈન માટે ૫ સ્ટાર રેટિંગ પ્રાપ્ત કરનારું ભારતનું સૌપ્રથમ કેમ્પસ બન્યું છે. આઈઆઈટીજીએન કેમ્પસની ગણના સાતત્યપૂર્ણતા અંગેની 'જીવતી લેબોરેટરી' તરીકે થાય છે.

આ સેન્ટર સાતત્યપૂર્ણતા આડેના મોટા પડકારોને સંબોધિત કરીને તેમને પ્રોટોટાઈપ્સ, પેટન્ટ અને પ્રકાશનોમાં ભાષાંતરિત કરવા પ્રયત્નશીલ રહેશે. તે ફિલ્ડમાં સાતત્યપૂર્ણ વિકાસ માટે અસરકારક ટેકનોલોજી-હસ્તાંતરણ પ્રોગ્રામને સ્થાપિત કરવા અને વિદ્વાનો, નીતિ ઘડનારા, ઉદ્યોગો, બિન-નફાકારક સંસ્થાઓ અને અન્ય હિતધારકો સાથે સાતત્યપૂર્ણતા અંગેના નેટવર્કિંગ અને સહકારને પણ પ્રોત્સાહિત કરશે.

આ ઉદ્દઘાટન સમારોહને સંબોધતા, ડૉ. કિરણ સી પટેલે જણાવ્યું હતું કે, "આવનારી પેઢી સામેનો સૌથી મોટો પડકાર સ્વચ્છ હવા, કુદરતી સંસાધનો અને બિન-ઝેરી પર્યાવરણની અછતનો રહેશે. હવે એ અનિવાર્ય બની ગયું છે કે, દુનિયાભરની આઈઆઈટી બૌદ્ધિક મૂડી વિકસાવે જેથી પૃથ્વી ગ્રહને સાતત્યપૂર્ણ બનાવી શકાય જે આવનારા દાયકાઓમાં આ દુનિયામાં રહેનારા દસ અબજથી વધુ લોકો માટે સુખાકારીને સુનિશ્ચિત કરી શકે."

## દાંડી ખાતે... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

દાંડી સાથે અન્યાય વર્ષો સુધી થયો હતો પરંતુ ગાંદીજીએ મીઠાને મહત્વપૂર્ણ બનાવીને એક લડા છેડી દીધી હતી. ગાંધીજીના

**Title:** IIT aims to become principal resource centre for sustainable development in India; Research will be taken up on water, energy and climate change

**Source:** Gandhinagar Samachar (Pg. No. 03 and 07)

**Link:** https://www.gandhinagarsamachar.com/wp-content/epaper/jan2019/31012019-3.pdf

https://www.gandhinagarsamachar.com/wp-content/epaper/jan2019/31012019-7.pdf

**Date:** 31-01-2019